BUSINESS મિત્ર

સંવત 2083માં પણ શેરબજારમાં અસ્થિરતા રહેવાની શક્યતા

કાચા તેલના ભાવ, વિદેશી રોકાણકારોનો પ્રવાહ અને ભૌગોલિક-રાજકીય સંકટો બજારની દિશા નક્કી કરશે

મુંબઈ, તા. 9: સંવત 2082માં ભારે ઉતાર-ચઢાવ બાદ, વિશ્લેષકોનું માનવું છે કે ભૌગોલિક-રાજકીય ઘટનાક્રમ, કાચા તેલના ભાવ અને વિદેશી રોકાણકારોનો પ્રવાહ બજારની દિશા નક્કી કરશે, જેમાં બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રના શેરો રોકાણકારોની પસંદગીના કેન્દ્રમાં રહેશે.

વિશ્લેષકો પ્રમાણે ભારતીય રોકાણકારોએ સતત અનિશ્ચિતતા માટે તૈયાર રહેવું જોઈએ. રવિવારે દિવાળી સાથે શરૂ થયેલા સંવત 2083માં પણ બજારમાં અસ્થિરતા એક મુખ્ય લાક્ષણિકતા બની રહેવાની શક્યતા છે.

નવા હિન્દુ કેલેન્ડર વર્ષમાં સ્થાનિક શેરબજારોમાં અસ્થિરતા જોવા મળી શકે છે, કારણ કે ભૌગોલિક-રાજકીય સંકટો, કાચા તેલના ભાવ અને વિદેશી રોકાણકારોના પ્રવાહની બજારો પર દબાણ લાવી શકે છે.

સંવત 2082 દરમિયાન છેલ્લા 15 વર્ષોમાં સૌથી ખરાબ કામગીરી પૈકીની એક જોવા મળી હતી, જોકે વર્ષનો અંત સકારાત્મક રહ્યો હતો; નિફ્ટી 50 અને સેન્સેક્સે સાપ્તાહિક ધોરણે 8.6 થી 8.8 ટકાનો ઉછાળો નોંધાવ્યો હતો, જે લગભગ છ વર્ષમાં સૌથી મોટો વધારો છે.

આ ઘટનાક્રમ અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટિક પક્ષની જીત અને 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (AI) સંબંધિત ટ્રેડિંગમાં આંશિક ઘટાડાને કારણે જોવા મળ્યો હતો. પરિણામે, શુક્રવારે બ્રેન્ટ ક્રુડના ભાવ ઘટીને 98.3 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયા હતા, જ્યારે 10 વર્ષીય યુએસ ટ્રેઝરી યીલ્ડ 5.37 ટકાની બહુ-વર્ષીય ઉંચી સપાટીથી ઘટીને 5 ટકાની નીચે, એટલે કે 4.86 ટકા પર આવી ગઈ હતી.

યુએસ એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશનના ઓક્ટોબરના અંદાજ મુજબ, બ્રેન્ટ સ્પોટ 2027 માં સરેરાશ $84 રહેશે, જે જૂન 2027 સુધીમાં મધ્ય પૂર્વના મોટાભાગના ઉત્પાદનને સંઘર્ષ પહેલાના સ્તરે પરત કરવાની ખાતરી આપે છે. એજન્સીએ સ્પષ્ટ કર્યું કે આ એક શરતી આગાહી છે, ચેતવણી આપી હતી કે ટેન્કર હુમલાઓ રાતોરાત પરિસ્થિતિ બદલી શકે છે.

"યુએસ-ઈરાન યુદ્ધમાં ઘટાડો થવાથી તેલના ભાવમાં 30-40 ટકાનો ઘટાડો થઈ શકે છે, જેનાથી ભારતને ફાયદો થશે. રશિયા-યુક્રેન સંઘર્ષનો ઉકેલ વૈશ્વિક માનસિકતામાં વધુ સુધારો કરશે. વ

"સતત તેજી માટે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ખરીદી કરવી પડશે અથવા કમસે કમ તેમના વેચાણમાં ઘટાડો આવે તે જરૂરી છે," ભટ્ટે જણાવ્યું હતું.

વિદેશી રોકાણકારોએ સંવત 2082માં રેકોર્ડ રૂ. 4.55 ટ્રિલિયન પાછા ખેંચી લીધા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ કુલ રૂ. 8.55 ટ્રિલિયન ખરીદી સાથે ફટકો સહન કર્યો હતો. વિદેશી રોકાણકારોમાં 2027 માટે સાવધાનીપૂર્વક હકારાત્મક છે, જોકે તેઓ લાંબા ગાળા માટે પણ હકારાત્મક વલણ ધરાવે છે.

વૈશ્વિક અનિશ્ચિતા વચ્ચે પીળી ધાતુમાં સોનેરી તેજીનો નવો દૌર શરૂ

આંતરરાષ્ટ્રીય બજારોમાં સોનાનો ભાવ વધીને 4150 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યો

આવતા વર્ષ સુધીમાં સોનું 4800 ડોલર એટલે કે રૂ. 4.50 લાખ સુધી પહોંચવાની સંભાવના

મુંબઈ, તા. 9: સોનાનો ભાવ આંતરરાષ્ટ્રીય સ્તરે 4150 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયો છે. જે આવતા વર્ષ સુધીમાં 4800 ડોલર પ્રતિ ઔંસ એટલે કે રૂ. 4.50 લાખ સુધી પહોંચી જવાની સંભાવના છે. નિષ્ણાતોનું માનવું છે કે, યુએસ સરકારનું દેવુ અને કેન્દ્રીય બેન્કોની સતત ખરીદીના કારણે તેજી આગળ વધશે.

ઉલ્લેખનીય છે કે, સોનાએ 5500 ડોલર પ્રતિ ઔંસની વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો, બાદમાં તેમાં તીવ્ર ઘટાડો આવ્યો હતો, વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતા વચ્ચે રોકાણકારોને ખરીદવાની સુવર્ણ તક આપી રહ્યું છે.

સોનાના ભાવ ઉછળવા પાછળના મુખ્ય કારણમાં અમેરિકામાં સતત વધી રહેલું દેવું છે. નિષ્ણાતોનું માનવું છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં અમેરિકાનું દેવુ વધીને એક ટ્રિલિયન ડોલર, પછી 1.4 ટ્રિલિયન ડોલર અને પછી 1.5 ટ્રિલિયન ડોલર થઇ ગયું છે અને હવે તે લગભગ 2 ટ્રિલિયન ડોલરની વાર્ષિક ગતિએ વધી રહ્યું છે. છેલ્લા ચાર મહિનામાં જ અમેરિકા પરના દેવાના બોજમાં 1.2 ટ્રિલિયન ડોલરનો વધારો થયો છે.

બજારમાં વધતી લિક્વિડિટીથી પણ સોનાને ટેકો મળી રહ્યો છે. ઓખટોબરમાંબોન્ડની ખરીદીના માધ્યમથી લગભગ 100 બિલિયન ડોલર એટલે કે 10 હજાર કરોડ ડોલરની લિક્વિડિટી બજારમાં આવી હતી.

ચીન અને ભારત જેવા દેશોની કેન્દ્રીય બેન્કો ઝડપથી સોનાની ખરીદી કરી રહી છે. ક્રુડ ઓઈલ પર દબાણ આવી શકે છે. અગાઉ ક્રુડ ઓઈલ 130-140 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચવાની અને અમેરિકામાં ફુગાવો વધીને 4.5 ટકાથી 5 ટકા સુધી પહંચવાની આશંકા હવે ઓછી થઈ છે. નિષ્ણાતો કહે છે કે, જિયો પોલીટીકલ રીસ્ક પ્રીમિયમમાં ઘટાડાની અપક્ષાઓ પણ અસર કરી રહી છે. તેમનું કહેવું છે કે મધ્યસત્રની ચુંટણીમાં હાર બાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો રાજકીય પ્રભાવ ઓછો થઇ શકે છે, જે ભૌગોલિક રાજકીય તણાવ ઘટાડી શકે છે અને ક્રુડ ઓઈલમાં ઘટાડો થઈ શકે છે.

ચાંદી સંદર્ભે નિષ્ણાતોનું કહેવું છે કે, ચાંદીમાં પણ સારી રીકવરી થવાની આશા છે. તેમનું માનવું છે કે, આવતા વર્ષ સુધીમાં ચાંદી ઔંસ દીઠ 70થી 75 ડોલર સુધી પહોંચી શકે છે. આ ક્ષણે આશરે 48 ડોલર છે, તે 120 ડોલરની વિક્રમી ઉંચાઈએથી તીવ્ર રીતે ઘટી ગયો છે અને હવે નોંધપાત્ર રીતે નીચે છે. જેથી સંવત 2083માં સોના-ચાંદીમાં રોકાણ કરવા અને પોર્ટફોલિયોમાં સમાવેશ કરવાનો શ્રેષ્ઠ સમય હોવાનું જણાવી રહ્યા છે.

મહાનદી બેસિનમાં ગેસ કાઢવા માટે દિગ્ગજ કંપનીઓ હાથ મિલાવશે, ખર્ચ ઘટશે

ઓએનજીસી, બીપી અને રિલાયન્સની આ પહેલથી નાના ગેસ બ્લોકનું મુદ્રીકરણ ઝડપી બનવાની આશા

નવી દિલ્હી, તા. 9: સરકારી માલિકીની ઓએનજીસી, બીપી અને રિલાયન્સ મહાનદી બેસિનમાં એક અબજ ડોલરની સામાન્ય ઓફશોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા બનાવવા પર વિચાર કરી રહી છે. તેનો હેતુ ઉંડા અને ખૂબજ ઉંડા સમુદ્ર વિસ્તારોમાંથી કુદરતી ગેસ કાઢવાનો અને કન્ડેન્સેટ કરવાનો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્ત ગેસ મંત્રાલય દ્વારા રજૂ કરેલી દરખાસ્ત હજુય પ્રારંભિક ચર્ચાના તબક્કામાં છે. આ માટે ટુંકસમયમાં તકનીકી સલાહકારોની નિમણુંક કરવામાં આવી શકે છે.

આ સહિયારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોડલનો હેતુ વિકાસ ખર્ચ ઘટાડવાનો, નાની શોધો માટે અલગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાતને દૂર કરવાનો અને ઓપરેશનલ કાર્યક્ષમતા અને વ્યાપારી સદ્ધરતામાં સુધારો કરવાનો છે.

આ સુવિધાનું લક્ષ્ય ઊંડા અને ખૂબ જ ઊંડા સમુદ્રની શોધને વ્યવસાયિક રીતે વ્યવહારૂ બનાવવાનું છે. આ હેઠળ, બહુવિધ ઓપરેટરો વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવાને બદલે સમાન કોમન ફ્રેમવર્કનો ઉપયોગ કરી શકશે, જે પ્રોજેક્ટના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે.

નવો પ્રોજેક્ટ હાઈડ્રોકાર્બનને અસરકારક રીતે એકત્રિત કરવામાં અને કાઢવામાં મદદ કરશે, તેમજ નાના અને ઓછી મહત્વપૂર્ણ શોધોનું મુદ્રીકરણ શરૂ કરવાની પ્રક્રિયાને ઝડપી બનાવશે. આ પહેલ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ઊંડા અને ઊંડા સમુદ્રમાં કામ કરવા માટે ભારે મૂડી રોકાણ અને જટિલ માળખાકીય સુવિધાઓની જરૂર પડે છે, જે ઘણીવાર વ્યાપારી સદ્ધરતાને અવરોધે છે.

આ સુવિધા ફ્લોટિંગ પ્રોડક્શન, સ્ટોરેજ અને ઓફલોડિંગ હશે કે પછી દરિયામાં કાયમી ધોરણે સ્થાપિત ફિક્સ્ડ ઓફશોર ઈન્સ્ટોલેશન હશે તે હજી નક્કી થયું નથી.


એફપીએસઓ આધારિત સોલ્યુશન્સ પૂર્વ તૈયાર સ્વરૂપમાં સાઈટ પર લાવી શકાય છે, જ્યારે દરિયામાં કાયમી માળખું બનાવવામાં વધુ સમય લાગી શકે છે. આટલા મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં ઓછામાં ઓછા ત્રણથી ચાર વર્ષનો સમય લાગશે. આ સુવિધાનું મુખ્ય કાર્ય કુદરતી ગેસને હેન્ડલ કરવાનું છે, તેમજ થોડી માત્રામાં કન્ડેન્સેટ કાઢવાનું હશે. આ પદ્ધતિ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાપિત મોડેલ પર આધારિત છે. આવી શેરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ઉત્તર સમુદ્ર સહિત ઘણા ક્ષેત્રોમાં પહેલેથી જ કામ કરી રહી છે. આ વ્યવસ્થા હેઠળ, બે કે તેથી વધુ કંપનીઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે સાથે મળીને કામ કરે છે, જેનો ઉપયોગ અન્ય ઉત્પાદકો દ્વારા ટોલિંગ ધોરણે થઈ શકે છે.

વધતા ખર્ચ વચ્ચે પણ દેશની 15થી વધુ મોટી કંપનીઓ પ્રોડક્ટ્સના ભાવ કેમ નથી વધારી રહી?

ખાદ્ય ફુગાવો 7.74 ટકા પર પહોંચવા છતાં વેચાણ જાળવી રાખવા બ્રાન્ડ્સ ભાવવધારો કરવાથી દૂર રહી

મુંબઈ, તા. 9: મોંઘવારી સતત વધી રહી છે તે સંજોગોમાં લોકોની ખરીદશક્તિ સંકોચાઈ રહી છે, આ સંજોગોમાં વધતા ભાવોનો ખર્ચ મહદઅંશે કંપનીઓ ઉઠાવી રહી છે. ભારતનો ફુગાવો સપ્ટેમ્બરમાં લગભગ બે વર્ષના ઉચ્ચતમ સ્તર 5.54 ટકા પર પહોંચી ગયો, જે મુખ્યત્વે ખાદ્યપદાર્થોના ખર્ચને કારણે છે. ભારતની મોટી કન્ઝ્યુમર કંપનીઓ વધતી મોંઘવારીને કારણે આવી રહેલા વધારાના ખર્ચાને ગ્રાહકો પર ઢોળવાને બદલે પોતે જ શોષી રહી છે, જે સંકેત છે કે નબળી પડતી ઘરગથ્થુ ખરીદ શક્તિ કોર્પોરેટ માર્જિનને દબાણમાં લાવી રહી છે. વેસ્ટલાઈફ ફૂડવર્લ્ડ લિમિટેડ, જે પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં મેકડોનાલ્ડ્સની ફાસ્ટ ફૂડ ચેઈન ચલાવે છે તેના સંચાલકે જણાવ્યું કર, કંપની તેના આવશ્યક વાર્ષિક ભાવવધારા ઉપરાંતનો વધારો કરવા અંગે ઘણી સાવચેત છે, કેમકે સ્ટોર પર લોકોની અવર જવર ચાલુ રહે. તેમણે જણાવ્યું કે, એવું ના કરી બેસી કે અમારે જે સહન કરવાનું આવે. વેસ્ટલાઈફ એવી ઓછામાં ઓછી 15 કંપનીઓમાંની એક છે જેઓએ ભાવ વધાર્યા નથી છે, જેમાં KFC અને પિઝા હટ ઓપરેટર્સ દેવયાની ઈન્ટરનેશનલ લિમિટેડ અને સેફાયર ફૂડ્સ ઈન્ડિયા લિમિટેડ, અગ્રણી પેઈન્ટ ઉત્પાદક એશિયન પેઈન્ટ્સ લિમિટેડ અને રિટેલર વી-માર્ટ રિટેલ લિમિટેડ જેવી કંપનીઓ શામેલ છે. આ તમામે માંગણી અનિશ્ચિત હોવા અંગે ચિંતા વ્યક્ત કરે છે. સપ્ટેમ્બર મહિનામાં ભારતનો ફુગાવો વધીને લગભગ બે વર્ષની ઉંચી સપાટી એટલે કે 5.54 ટકા પર પહોંચી ગયો છે, જેનું મુખ્ય કારણ ખાદ્ય પદાર્થોના ભાવમાં થયેલો વધારો છે. ખાદ્ય ફુગાવો ઉછળીને 7.74 ટકા પર પહોંચ્યો છે; જેમાં શાકભાજી, ફળો, ખાદ્ય તેલ, ખાંડ અને તૈયાર ખાદ્ય પદાર્થોના ભાવમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. ભાવવધારાનું આ દબાણ હવે માત્ર ખાદ્ય સામગ્રી પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ પરિવહન, રેસ્ટોરન્ટ અને અન્ય સેવાઓના ખર્ચમાં પણ વધારો થઈ રહ્યો છે, જેના કારણે ઘરગથ્થુ બજેટ પરનું ભારણ વધુ વધી ગયું છે."નાણાકીય અને ધિરાણની પરિસ્થિતિઓ સખત હોવાને કારણે, આગામી થોડા ત્રિમાસિક ગાળાઓમાં બિન-જરૂરી (વૈકલ્પિક) વપરાશમાં ઘટાડો થવાની શક્યતા છે," કોટક મહિન્દ્રા બેંકના અર્થશાસ્ત્રી સુવોદીપ રક્ષિતે એક મુલાકાતમાં જણાવ્યું હતું.

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત



દિપાવલીનું નઝરાણું

રામાયણ

રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા

૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫, ૧.૧૫, ૨.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૬.૦૦, ૬.૪૫, રાત્રે ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007

Book Tickets Now from : bookmyshow.com @applecinemasurat

દિપાવલીનું નઝરાણું



રામાયણ

રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા, વિવેક ઓબેરોય, કાજલ અગ્રવાલ, કુનાલ કપુર

૭.૦૦, ૭.૩૦, ૮.૦૦, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૦.૪૫, ૧૧.૧૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૩૦, ૨.૦૦, ૨.૩૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૫, ૬.૧૫, ૬.૪૫, ૭.૧૫, ૭.૪૫, રાત્રે ૮.૧૫, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦

The Cat in the Hat (હિન્દી) ૧.૦૦, ૩.૦૦ | ઉડતાતીર ૫.૩૦

દિપાવલીનું નઝરાણું



રામાયણ

રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા, વિવેક ઓબેરોય, કાજલ અગ્રવાલ, કુનાલ કપુર

૧૨.૧૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

ક્રુડ ઓઈલમાં છ વર્ષનો સૌથી મોટો 17%નો સાપ્તાહિક ઘટાડો

યુએસ-ઈરાન વચ્ચે શાંતિની આશા અને મધ્યસત્ર ચૂંટણીના પરિણામોથી બ્રેન્ટ ક્રુડ 97.48 ડોલરે પહોંચ્યું

નવી દિલ્હી, તા. 9: આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલ બજારમાં છેલ્લા છ વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો નોંધાયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ તથા રાજદ્વારી સમાધાનની સંભાવનાઓ મજબૂત બનતા ક્રુડ ઓઈલના ભાવમાં ભારે વેચવાલી જોવા મળી છે. બ્રેન્ટ ક્રુડના ભાવમાં ગત સપ્તાહે લગભગ 17 ટકાનો ઘટાડો નોંધાયો હતો, જે કોરોના મહામારી શરૂ થઈ ત્યારથી સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો છે.

આજે વહેલી સવારે આંતરરાષ્ટ્રીય વેપારમાં બ્રેન્ટ ક્રુડ પ્રતિ બેરલ 97.48 ડોલર અને ડબલ્યુપીઆઈ ક્રુડ 90.51 ડોલરની આસાપસા પહોંચ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ ઘટવાનું મુખ્ય કારણ અમેરિકાની મધ્યસત્ર ચુંટણીના પરિણામો અનેઈરાન સાથે શાંતિમંત્રણા આગળ વધવાની આશા હોવાનું બજાર વિશ્લેષકો માને છે. ચુંટણીમાં રિપબ્લીકન પાર્ટીને મોટો ફટકોપડ્યા પછી ટ્રમ્પ સરકાર યુદ્ધ વધારવાને બદલે સમધાનનો માર્ગ પસંદ કરી શકે તેવી ધારણા મજબૂત બની છે.

બીજી તરફ, મીડલ ઈસ્ટમાંથી ક્રુડ ઓઈલની નિકાસ ફરી વધવાની સંભાવના અને વૈશ્વિક બજારમાં પુરવઠો માગ કરતા વધી જવાની ચિંતાએ પણ ભાવ નીચે લાવવામાં ભૂમિકા ભજવી છે.

ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ક્રુડ ઓઈલ વિદેશમાંથી આયાત કરે છે. તેથી આંતરરાષ્ટ્રીય ભાવમાં સતત ઘટાડો રહે તો દેશનું આયાત બિલ ઘટી શકે, વેપાર ખાધ અને મોંઘવારી ઉપરનું દબાણ હળવું થઈ શકે તથા રૂપિયા માટે અનુકુળ પરિસ્થિતિ ઉભી થઈ શકે.

જોકે, આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલ સસ્તુ થવાનો સીધો અર્થ પેટ્રોલ-ડિઝલનના ભાવમાં તાત્કાલિક ઘટાડો એવો નથી. દેશમાં છૂટક ભાવનો નિર્ણય ઓઈલ કંપનીઓની કિંમતની નીતિ, કરવેરા અને અન્ય ખર્ચ ઉપર પણ આધાર રાખે છે. હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો ઉપર હુમલાનો ખતરો યથાવત હોવાથી શાંતિ મંત્રણા નિષ્ફળ જાય તો ક્રુડ ઓઈલ ફરીથી મોંઘુ થઈ શકે છે.

શેરબજારમાં બેન્ક-એનબીએફસી શેરોમાં ખરીદી જોવા મળી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 9: મુર્હૂત ટ્રેડિંગમાં શરૂઆતી સુધારા બાદ લાલ નિશાનમાં બંધ રહ્યા બાદ આજે પણ ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. શેરબજારમાં નફાવસુલી ચાલુ રહી હતી, જેના પગલે આજે પણ સેન્સેકસ-નિફ્ટીમાં લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. ખાસ કરીને આજે શરૂઆતી ટ્રેડમાં આઈટી અને રિયલ્ટી શેરોમાં નફાવસુલી જોવા મળી હતી. તેની પાછળ અન્ય ઓટો, કન્ઝમ્પ્શન, એફએમસીજી, ઈન્ફ્રા, મેટલ, કોમોડિટીઝ તથા ડિફેન્સ શેરોમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું, જ્યારે ફાર્મા, હેલ્થકેર, પીએસયુ બેન્ક, મીડિયા અને ફાઈનાન્સીયલ સર્વિસીસ શેરોમાં ખરીદી જોવા મળી હતી.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ગત સપ્તાહના શાનદાર ઉછાળામાં નિફ્ટી 8.6 ટકાનો ઉછાળો આવ્યો હતો, જેના કારણે બજારના બજારનું સેન્ટિમેન્ટ સુધર્યુ હતું, પરંતુ મુર્હૂત ટ્રેડિંગથી નફાવસુલી શરૂ થઈ છે.

નેતન્યાહૂને તગેડીને વડા પ્રધાન બનનારા ગાદી આઈઝેનકોટ સામે અનેક પડકારો હશે



ઇરાન સામેના યુદ્ધમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનારા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો મધ્યસત્ર ચૂંટણીમાં પરાજય થયો છે તેમ ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂનો પણ ભૂંડો પરાજય થયો છે. ઇઝરાયલના ભૂતપૂર્વ સેના વડા ગાદી આઇઝેનકોટે છેલ્લા ત્રણ દાયકાથી ઇઝરાયલના વડા પ્રધાન રહેલા બેન્જામિન નેતન્યાહૂ માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કર્યો હતો. ઇઝરાયલની ૧૨૦ સભ્યોની સંસદમાં સરકાર બનાવવા માટે ઓછામાં ઓછા ૬૧ ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે. આઇઝેનકોટને છ રાજકીય પક્ષોના કુલ ૬૭ ધારાસભ્યોનું સમર્થન મળી જતાં તેઓ ઇઝરાયલના વડા પ્રધાન બનશે તે નક્કી થઈ ગયું છે. આઈઝેનકોટ ઇઝરાયલી સૈન્યના ભૂતપૂર્વ કમાન્ડર છે અને તેમણે ૨૦૨૨ માં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ઇઝરાયલ નવી સરકાર બનાવવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે આરબ પક્ષોએ ભૂતપૂર્વ લશ્કરી વડા ગાદી આઇઝેનકોટને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગે પણ તેમને સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું છે. ગાડી આઈઝેનકોટ પાસે હવે નવી સરકાર બનાવવા માટે ૨૮ દિવસનો સમય હશે, જેમાં ૧૪ દિવસનો સંભવિત વધારો પણ સામેલ છે.

આઇઝેનકોટ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઇઝરાયલ પર હમાસના હુમલા પછી નેતન્યાહૂના યુદ્ધ મંત્રીમંડળમાં પણ જોડાયા હતા, પરંતુ બાદમાં તેઓ નેતન્યાહૂના ટીકાકાર બન્યા હતા. તેઓ નેશનલ યુનિટી પાર્ટીમાંથી ઇઝરાયલી સંસદના સભ્ય બન્યા હતા. બાદમાં તેમણે પાર્ટી સાથે વૈચારિક મતભેદોને ટાંકીને પાર્ટી છોડી દીધી હતી. ગયા વર્ષે તેમણે અગ્રણી વિપક્ષી વ્યક્તિઓથી અલગ થઈને પોતાની મધ્યવાદી પાર્ટી યાશરની રચના કરી, જેનો અર્થ સીધો અથવા પ્રામાણિક થાય છે. ગાઝા યુદ્ધમાં પોતાના પુત્ર અને બે ભત્રીજાઓને ગુમાવનારા આઇઝેનકોટે ચૂંટણી પ્રચાર દરમિયાન પોતાની લશ્કરી અને સુરક્ષા પૃષ્ઠભૂમિ પર ભાર મૂક્યો હતો, પરંતુ ચૂંટણી દરમિયાન તેમણે ઉઠાવેલા ઘણા મુદ્દાઓ તેમના માટે પડકારો ઊભા કરી શકે છે. આઇઝેનકોટ આરબ પક્ષોના ટેકાથી વડા પ્રધાન બની રહ્યા હોવાથી તેમનું વલણ પેલેસ્ટાઇન માટે ઢીલું રહેશે અને હમાસ જેવા ત્રાસવાદી સંગઠનોની તાકાત વધી જશે, તેવો ભય સેવાઈ રહ્યો છે.

ઇઝરાયલમાં યોજાયેલી ચૂંટણીઓમાં, કાર્યવાહક વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની જમણેરી લિકુડ પાર્ટી અને તેના અતિ-જમણેરી અને અતિ-રૂઢિચુસ્ત યહૂદી સાથીઓએ ૧૨૦ બેઠકોવાળી સંસદમાં ૫૩ બેઠકો જીતી છે, જ્યારે આઈસેનકોટની મધ્યવાદી યાશર પાર્ટી અને તેમના ત્રણ અન્ય યહૂદી વિરોધ પક્ષોના જોડાણે ૪૮ બેઠકો જીતી છે. આ રીતે સરકાર ચલાવવા માટે આઇઝેનકોટને આરબ પક્ષોના સમર્થનની જરૂર પડશે. ઇઝરાયલના રાજકીય પરિદૃશ્યમાં આરબ સમર્થન પર આધાર રાખતી સરકાર ચલાવવી મુશ્કેલ બનશે, કારણ કે તે તેમનાં ઘણાં વચનો અને લાંબા સમયથી ચાલતા હોદ્દાઓ પર બ્રેક લગાવી શકે છે, જ્યારે આઈઝેનકોટ રાજકારણમાં નવા છે અને તેમના માટે જટિલ પરિસ્થિતિનો ઉકેલ શોધવો સરળ રહેશે નહીં.

ઇઝરાયલના વડા પ્રધાન તરીકે, બેન્જામિન નેતન્યાહૂ ઘણીવાર પોતાને દેશના રક્ષક તરીકે રજૂ કરે છે. નેતન્યાહૂ હંમેશા ઈરાનને યહૂદી શાસન માટે સૌથી મોટો ખતરો ગણાવતા આવ્યા છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ, ઇઝરાયલ અને અમેરિકાએ સંયુક્ત રીતે ઇરાન પર હુમલો કર્યો. આ હુમલાઓએ મધ્ય પૂર્વમાં પરિસ્થિતિને વધુ ખરાબ કરી છે, જેના કારણે આ ક્ષેત્રમાં ગંભીર સુરક્ષા ચિંતાઓ ઉભી થઈ છે. અત્યાર સુધી આ સંઘર્ષમાં અમેરિકા અને ઈરાન વચ્ચે કોઈ સમજૂતી થઈ નથી, તેથી ઇઝરાયલ માટે કથિત ખતરો, જેનો ઉલ્લેખ નેતન્યાહૂ કરી રહ્યા છે, હજુ પણ યથાવત છે. આઈઝેનકોટ માટે એક મોટો પડકાર ઈરાન મુદ્દાનો સામનો

ટુંધ પોઈન્ટ ■ સંજય વોરા ■

કરવાનો રહેશે.

અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની હારની અસર ઇઝરાયલ પર પણ પડી શકે છે. આ ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટીએ કોંગ્રેસના બંને ગૃહોમાં બહુમતી ગુમાવી દીધી છે. ઘણા લોકો માને છે કે ટ્રમ્પની પાર્ટીના આ ખરાબ પ્રદર્શનનું સૌથી મોટું કારણ ઈરાન યુદ્ધ હતું. ઈરાને પણ ઘણી વાર કહ્યું છે કે અમેરિકા ઈઝરાયલ માટે ઈરાન સામે લડી રહ્યું છે અને આનો બોજ અમેરિકનો પર નાખવામાં આવી રહ્યો છે. ચૂંટણી પછી બદલાયેલા સંજોગોમાં, જો અમેરિકા ઈરાન યુદ્ધ પર પોતાનું વલણ બદલે તો તે ઇઝરાયલમાં સુરક્ષાની ભાવનાને અસર કરી શકે છે. આ રીતે ફક્ત ઇઝરાયલનું રાજકીય સમીકરણ જ નહીં, પણ તેનાથી સેંકડો કિલોમીટર દૂર સ્થિત અમેરિકાનાં પગલાં પણ આઇઝેનકોટ માટે પડકાર બની શકે છે.

નેતન્યાહૂ તાજેતરના વર્ષોમાં ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલા છે, જે આરોપોને તેઓ નકારે છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ થયેલા હુમલાઓને સંભાળવા માટે તેમણે જે રીતે કામ કર્યું તેની પણ ટીકા થઈ હતી. વધુમાં, ન્યાયતંત્રમાં ફેરફાર કરવાની તેમની વિવાદાસ્પદ યોજનાએ દેશભરમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા છે, પરંતુ નેતન્યાહૂ ઇઝરાયલી રાજકારણમાં એક માસ્ટર પ્લેયર છે અને તેઓ ગોદી આઇઝેનકોટ માટે એક પડકાર રહેશે. નેતન્યાહૂ વિરોધ પક્ષમાં રહીને પણ પોતાના આરબ વિરોધી વલણ દ્વારા મુશ્કલીઓ પેદા કરી શકે તેમ છે.

ઇઝરાયલના રાષ્ટ્રપતિ હર્ઝોગે પોતાનો નિર્ણય જાહેર કર્યો તેના એક કલાક પહેલાં નેતન્યાહૂએ ચેતવણી આપી હતી કે વિરોધ પક્ષો અને આરબ પક્ષો વચ્ચે સંભવિત ગઠબંધન દેશના પતન તરફ દોરી જશે. નેતન્યાહૂએ એક વીડિયો સંદેશમાં કહ્યું કે ઇસ્લામવાદીઓ સાથે જોડાયેલી આવી સરકાર ઇઝરાયલને અંદરથી તોડી નાખશે, જેમ યુરોપિયન દેશોમાં થઈ રહ્યું છે, અને તેનાથી વધુ ખરાબ પરિસ્થિતિ સર્જાઈ શકે છે. એટલે કે, સંભવિત સરકાર બનાવતા પહેલાં જ નેતન્યાહૂએ ઇઝરાયલના ભવિષ્ય અંગે લોકોને સંદેશા આપવાનું શરૂ કરી દીધું છે. બેન્જામિન નેતન્યાહૂના કાર્યકાળ દરમિયાન ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઇઝરાયલી વિસ્તારો પર હમાસના હુમલા બાદ ઇઝરાયલે મોટી કાર્યવાહી કરી છે. આ સમય દરમિયાન ઇઝરાયલી કાર્યવાહીમાં હજારો લોકો માર્યા ગયા છે. ઇઝરાયલની લશ્કરી કાર્યવાહીની વિશ્વભરના ઘણા દેશો દ્વારા ટીકા કરવામાં આવી છે અને ઘણા દેશો સાથેના તેના સંબંધો પણ બગડ્યા છે. ઇઝરાયલે આ સંબંધોને પાટા પર લાવવા માટે સખત મહેનત કરવી પડશે, અને જો આઇઝેનકોટ આગળ વધે તો તેમણે ઘણી નીતિઓ અપનાવવી પડશે, જે દેશના જમણેરી રાજકીય પક્ષને ગુસ્સે કરી શકે છે.

આરબ પક્ષોએ તેમની સરકારને સમર્થન આપવાનું વચન આપ્યું છે, તેથી આ પક્ષોને ઇઝરાયલમાં આરબ નાગરિકોના અધિકારો અને તેમના પોતાના મુદ્દાઓ અંગે પોતાની અપેક્ષાઓ હોઈ શકે છે. આમાં આરબ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં નવાં ઘરો બનાવવામાં સરળતા અને આરબ બહુમતી નગરોમાં સુરક્ષા અને અન્ય સુવિધાઓ માટે બજેટ સહાયની માંગણીઓનો સમાવેશ થઈ શકે છે. ઈરાન સાથેના યુદ્ધ અને લેબનોનના હિઝબુલ્લાહ સાથે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઈઝરાયલ માટે કોઈપણ નવી યોજના અને બજેટ પર કામ કરવું સરળ રહેશે નહીં.

આઈઝેનકોટનું વલણ દર્શાવે છે કે પેલેસ્ટાઇન, ગાઝા, વેસ્ટ બેંક અને હમાસ જેવા મુદ્દાઓને લગતી તેમની નીતિઓમાં તેઓ નેતન્યાહૂથી બહુ અલગ નથી, પરંતુ આરબ પક્ષો ગાઝામાં ઇઝરાયલી લશ્કરી કાર્યવાહી બંધ કરવાની માંગ કરી શકે છે, અને જો આઇઝેનકોટ હમાસ અથવા ગાઝા અંગે કોઈ નિર્ણય લે છે, તો તેના અન્ય જમણેરી સાથીઓ તેનો વિરોધ કરી શકે છે. બીજી બાજુ, આઈઝેનકોટના આવાં કોઈપણ પગલાંથી નેતન્યાહૂની કાર્યવાહી શરૂ થઈ શકે છે, જે આઇઝેનકોટની સરકાર માટે ખતરો બની શકે છે. અલ્ટ્રા-ઓર્થોડોક્સ પક્ષો સ્થાનિક લોકો માટે લશ્કરી ભરતીમાંથી મુક્તિનો આગ્રહ રાખી શકે છે, જ્યારે આઇઝેનકોટની પોતાની નીતિઓ આ મુદ્દા પર અલગ છે. તાજેતરના દિવસોમાં આ મુદ્દાને લઈને ઇઝરાયલના રસ્તાઓ પર હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યાં છે. આ વિરોધ પ્રદર્શનો દરમિયાન સરકારના વિરોધીઓ ઇઝરાયલી સુરક્ષા દળોને નાઝી ગણાવતા જોવા મળ્યા હતા. સફેદ શર્ટ, કાળી ફેડોરા ટોપી અને લાંબા કાળા કોટ પહેરેલા સેંકડો અતિ-રૂઢિચુસ્ત યહૂદીઓ લશ્કરી પોલીસની સામે ઊભા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આઇઝેનકોટ આરબ પક્ષોના ટેકાથી વડા પ્રધાન બની રહ્યા હોવાથી તેમનું વલણ પેલેસ્ટાઇન માટે ઢીલું રહેશે અને હમાસ જેવા ત્રાસવાદી સંગઠનોની તાકાત વધી જશે, તેવો ભય સેવાઈ રહ્યો છે

બુલિશ બ્રેકઆઉટ, નિફ્ટી 40000 પોઈન્ટ સુધી પહોંચવાની શક્યતા

ક્રુડ ઓઇલમાં ઘટાડો અને એફઆઇઆઇની ખરીદીથી ભારતીય બજાર મજબૂત બનશે: સીએલએસએ

નવી દિલ્હી, તા. 9: વિતેલા સપ્તાહમાં ભારતીય શેરબજારમાં શાનદાર તેજી જોવા મળી હતી, ત્યારબાદ નફાવસુલી જોવા મળી રહી છે, પણ બજારનો સેન્ટિમેન્ટ મજબૂત હોવાથી શેરબજારમાં તેજી આગળ વધી શકે છે. આ સમયે સીએલએસએના અર્થશાસ્ત્રીએ કહ્યું કે નિફ્ટી 40000 પોઈન્ટની સપાટી સુધી પહોંચી શકે છે, કેમ કે ભારતીય શેરબજારમાં એક મોટો બુલીશ બ્રેકઆઉટ રચાઈ રહ્યો છે. નિફ્ટી ટુંકાગાળામાં 26000 પોઈન્ટ અને લાંબા ગાળે 40000 પોઈન્ટ સુધી પહોંચી શકે છે.

તેમના કહેવા અનુસાર તાત્કાલિક ટાર્ગેટ 26300 પોઈન્ટનો છે અને તેમનું માનવું છે કે જો નિફ્ટી આ લેવલને પાર કરે તો તે 31000થી 40000 પોઈન્ટ સુધી જઈ શકે છે.

એનાલિસ્ટના જણાવ્યા અનુસાર જો નવેમ્બરના અંત સુધીમાં નિફ્ટી 25500 પોઈન્ટની ઉપર બંધ થાય તો તે લોંગટર્મ બાય સીગ્નલ હશે. જે ઓગસ્ટ 2020 પછી પર્થમ વકત જોવા મળશે. શેરબજારમાં તાજેતરની રિકવરી બાદ તેમણે આ બુલીશ આઉટલુક રજૂ કર્યો છે. ગત સપ્તાહેનિફ્ટી 8.58 ટકા વધ્યો હતો અને 27 ફેબ્રુઆરી પછી પ્રથમ વખત 25000ના સ્તરને પાર કર્યો હતો.